સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

જૂથબંધીની ભીડમાં કૉંગ્રેસ ખોવાઈ ગઈ!
સત્તાના સ્વાર્થમાં સિદ્ધાંત-નિષ્ઠા ધોવાઈ ગઈ !
કોહવાઈ ગઈ સેવા - સમર્પણની ભાવના -
સરદારશ્રી ને ગાંધીની ગાય દોવાઈ ગઈ!

હાઈકુ

પક્ષનું નામ
'ભાજપા'નું 'કૉંજપા'
કરી નાખો ને!

કરતું નથી -
કો 'હાર્દિક' સ્વાગત
માન ન માન -

ચિંતન

યથા ધેનુ સહસ્રેષુ વત્સો વિન્દતિ માતરમ્ ।
તથા પૂર્વકૃતં કર્મ કર્તારમનુગચ્છતિ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

વાછરડું જેમ હજારો ગાયોમાંથી પણ પોતાની માતા - ગાયને ઓળખી કાઢે છે તેમ પૂર્વકૃતં સારાં કે નરસાં કૃત્યો પણ પોતાના કર્તાને ઓળખી કાઢે છે અને સારું કે ખરાબ ફળ આપે છે.

કર્મનું ફળ મળે મળે ને મળે જ છે. કર્મનો સિદ્ધાંત છે. ઈશ્વરે એવી યાંત્રિક વ્યવસ્થા ગોઠવી છે કે આપણને એમ થાય કે મારાં કરેલાં કર્મની કોઈ નોંધ લેતું નથી. અથવા કોઈને ખબર પડતી નથી, પરંતુ આત્મા આત્મા-જીવ સાથે જ એવા યાંત્રિક સૂક્ષ્મ યંગોની ગોઠવણ કરે છે એ બધા જ સારા-માઠાં કર્મો સંસ્કારનું સ્વરુપ લઈ આપણા આત્માની આસપાસ ગુપ્ત ન દેખાય એવા વાયુ સ્વરુપે વિટંળાતા જાય છે. અને બીજા જન્મ વખતે એ સ્વભાવ-પર્યાવરણ સંસ્કાર થઈ જીવ સાથે જન્મે છે.

નાનું અકર્મ પણ પોતાના કર્તાને ફળ આપ્યા વિના છોડતું નથી. આજકાલ સામૂહિક મૃત્યુ, બિમારીઓ, કમોત, આફતો, પૂર-ધરતીકંપ, યુદ્ધો, આતંકનો આતંક આ બધું જ નિર્દોષ જીવ તથા અત્યાચાર લાગે છે પણ તેના મૂળમાં કર્મનું નિમિત્ત જ હોય છે.

સુવિચાર

- પ્રામાણિકતાને જેણે ગીરો મૂકી તે તેને પાછી છોડાવી શકતો નથી - **થોમસ મિડલ્ટન**
- ઈશ્વરની સાથે જેઓ સોદો કરવા માગે છે તેમની પ્રાર્થના ઈશ્વર સાંભળતો નથી - **ગાંધીજી**
- આપણા આત્માની પ્રગૃતિ એ આપણી પ્રગતિનો આત્મા છે - **સર્વપલ્લી રાધાકૃષ્ણન**
- પૂર્વગ્રહ એ અજ્ઞાનનું સંતાન છે - **વિલિયમ હેઝલિટ**
- જેને મનમાં અજંપો છે તેને રાત લાંબી લાગવાની અને થાકેલાને ગાઉ લાંબો લાગવાનો, તેવી જ રીતે જેણે ધર્મને જાણ્યો નથી, તેને જન્મોજન્મની શૃખંલા લાંબી લાગવાની - **ધમ્મપદ**
- બાળકને જયારે સમજાય કે માત્ર ખરા પડવાનો જ નહિ, પણ ખોટા પડવાનો પણ મને અધિકાર છે ત્યારે એ પૃપ્ત થયો ગણાય. - **ફોર્ડ મેડોકસ**
- આજનું ઔષધ : વરિયાળીને પાણીમાં પીસી તે પાણી બાળકને પીવડાવવાથી પેટના દુઃખાવામાં તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અરબસ્તાનનો રાજા આડેધડ સંસાર કરતો. ગામોના ગામો ઉજ્જડ કરી નાખતો.એ રાજાનો પ્રધાન ખૂબ સમજદાર હતો. એને રાજાની આવી ક્રૂરતા પસંદ ન હતી. એકવાર જંગલમાં શિકાર કરવામાં વજીક સાથે ખૂબ આગળ નીકળી ગયા. એક ઝાડ પર રાજાએ બે પોપટને વાતો કરતાં જોયા એણે પ્રધાનને કહ્યું, 'આ બે ઘુવડની બોલી તમને સમજાય છે? કહો આ બે પોપટ શું કહે છે ?' ભૂતકાળમાં મજાકમાં પ્રધાને રાજાને એકવાર કહ્યું હતું. આજે બરાબરનો મોકો મળ્યો હતો. રાજાની સાન ઠેકાણે લાવવા પ્રધાને રાજા પાસે અભય વચન માંગ્યું. રાજાએ કહ્યું, 'આપ જરાયે દોષિત નહીં ઠરો. પ્રધાને કહ્યું, 'જહાપનાહ, આ ઘુવડની વાત સાંભળવા જેવી નથી. પણ આપે મને વચન આપ્યું છે આથી તમને પોપટની વાત સંભળાવું છું. આપ ગુસ્સે ન થશો.' પ્રધાને કહ્યું, 'ગરીબ નવાઝ આ બે ઘુવડોમાંના એકને દીકરી છે અને બીજા ઘુવડનો દીકરો છે. દીકરાનો બાપ કહે છે 'તમારી દીકરીને મારા દીકરા સાથે પરણાવો.' ત્યારે પેલો દીકરીનો બાપ કહે છે : એ માટે હું તૈયાર છું, પણ મને એના બદલામાં એક સો ઉજ્જડ ગામ આપો.' આ સાંભળીને પેલો દીકરાવાળો ઘુવડ બોલ્યો. 'ભાઈ, એ મારા હાથની વાત નથી, પરંતુ રાજાને ખુદા એક વર્ષ વધુ જિંદગી બક્ષે તો હું તમને જરૂર સો ઉજ્જડ ગામ ખુશીથી આપીશ.' પ્રધાની વાત સાંભળીને રાજા વિચારમાં પડી ગયો અને ત્યારથી તેણે પોતાના તાબાનાં ગામોને ખેદાનમેદાન કરવાનું છોડી દીધું.

'કોરોના' બાદ બદલાયેલા વૈશ્વિક સમીકરણો

તંત્રીસ્થાનેથી...

વાલ્મીકિ રામાયણમાં અને એને અનુસરી લખાયેલ તુલસીકૃત રામચરિત માનસમાં ભગવાન રામચંદ્રજીના જીવનને સાત વિભાગોમાં વહેંચી દરેક વિભાગને 'કાંડ' નામ અપાયું છે. જેમને કે બાલકાંડ, અરણ્ય કાંડ, કિષ્કિંધા કાંડ વગેરે. વર્તમાન યુગના માનવીની જિંદગીમાં કયારેક 'કોરોના કાંડ' જેવો સમયગાળો પણ આવશે એની તો કોઈને કલ્પના જ કયાંથી હોય! વળી રોગચાળો આવ્યા પછી આખી દુનિયાને ઘમરોળી નજરકેદ કરી દેશે એવું તો એકવીસમી સદીનો માનવી વિચારી જ ન શખે. કેટલાક ત્રિકાળદર્શીઓએ જરૂર આવી સંભાવના દર્શાવતાં વધાનો કરેલાં છે અને એ પૈકી કેટલાકે તો સીધું ચીન પર જ નિશાન પણ તાક્યું છે. તલવાર અને ભાલાઓથી થતાં યુદ્ધોનો જમાનો ગયો, તોપો અને બંદૂકો આવી. એ શસ્ત્રો પણ કાળક્રમે ઝાંખાં પડી ગયા. મિસાઈલ્સ અને બોમ્બનો અને એમાં પણ મહાવિનાશક પરમાણું બોમ્બનો જમાનો પણ માનવીએ જોયો. જેમણે જાપાન નથી જોયું એમને આ વિભીષિકાનો સાચો અંદાજ નહીં આવી શકે. અમેરિકાએ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનના બે શહેરો હીરોશિમા અને નાગાશાકીને નેસ્તનાબૂદ કરી દઈ માનવીના સૌથી વિકરાળ અને હિંસક ચહેરાનો પરચો બતાવી દીધો હતો. એ પછી અરણ્યરુદન ચાલુ થયું અને યુનાઈટેડ નેશન્સ જેવી સંસ્થા અસ્તિત્વમાં આવી. આજ સુધી આ સંસ્થાનો મુખ્ય આર્થિક બોજ વહન કરનાર અમેરિકાએ પહેલી જ વાર હાથ પાછા ખેંચી લીધા છે અને એની પાછળ કોરોના મુદ્દે ચીન સાથે યુનો હસ્તકની વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા ટેડ્રોસની મિલીભગતનો આરોપ લગાવ્યો છે. ચીન દ્વારા જ આખી દુનિયાને કોરોના સંક્રમણની ભેટ મળી છે એ તો સર્વવિદિત છે. પરંતુ શું ખરેખર આ વાઈરસ ચીને વૈશ્વિક મહામારી માટે લેબોરેટરીમાં નવસાધ્ય કર્યું હતું? આ પ્રશ્નનો ઉકેલ આજપર્યંત મળી શક્યો નથી. ચીન પર ચોતરફથી હુમલા થઈ રહ્યા છે. હોંગકોંગની સ્વતંત્રતાના ઠરાવને અમેરિકાએ મંજૂર કરી દઈ ચીનને રીતસર યુદ્ધ માટે જ પડકાર્યું છે. દ. ચીન મહાસાગરમાં અમેરિકાનાં યુદ્ધ જહાજો નાંગરેલા છે. ચીન આ બધી વિપરીત પરિસ્થિતિ જોઈ ડઘાઈ ગયુ છે. એ જાણે છે કે અમેરિકા સાથે યુદ્ધે ચડવાથી એનું વિશ્વસત્તા બનવાનું સપનું નેસ્તનાબૂદ થઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ જેવા માથાભારે રાષ્ટ્રપ્રમુખ સામે વેર બાંધી બેઠા પછી ચીનના સર્વોચ્ચ નેતા શી જિનપિંગને ઉજાગરા થવા લાગ્યા છે. ખુદ એમની જ સામ્યવાદી પાર્ટીમાં ચણભણ શરૂ થઈ છે. ભારત સાથે સરહદી વિવાદમાંથી ધીમે રહીને પારોઠનાં પગલાં અમથાં નથી ભરાયાં. ડોનાલ્ડ ટ્રમ્પે સીધી જ ધમકી આપી હતી કે ભારત મિત્ર દેશ છે; વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. એની સામે યુદ્ધે ચડશે તો અમેરિકા ચૂપ નહીં બેસી રહે. ચીની શાહુકાર માટે આ ચેતવણી પૂરતી થઈ રહી. પરંતુ એથી એની અવળચંડાઈ થોડી ઓછી થવાની હતી? એણે ભારતને બીજી રીતે પરેશાન કરવાનું ચાલુ કરી દીધું છે. ઈરાનમાં ચાબહાર પોર્ટ અંગેના ભારતના કરાર અંગે ઈરાન નામક્કર થયું છે. પાકિસ્તાનના ગ્વાદર બંદરથી માંડ ૧૦૦ કિ.મી.ના અંતરે ભારતે ઈરાનની સરહદે આ થાણું નાખવા માટેની યોજના બનાવેલી તે નિષ્ફળ ગઈ છે. એમાં ઈરાન-ચીનના નવેસરથી વિકસી રહેલા સંબંધો જવાબદાર છે. ઈરાનમાંથી તેલની આયાત બંધ કરવાની અમેરિકી આદેશનું આંશિક પાલન કરી રહેલા ભારતને ઈરાને ચાબહાર પ્રોજેક્ટમાંથી બહાર ધકેલી લઈ નવાં સમીકરણોનો સંકેત આપી દીધો છે. વિશ્વયુદ્ધ થાય તો ચીન સાથે ફક્ત પાકિસ્તાન જ નહીં, ઈરાન પણ એની તમામ તાકાત સાથે જોડાશે એવા આ સમીકરણથી અમેરિકા પણ વખત પૂરતું વિચારમાં પડી જ ગયું હશે.

પયઃ પાનં ભુજંગાનાં કેવલં વિષવર્ધનમ્ । ઉપદેશો હિ મૂર્ખાણાં પ્રકોપાય ન શાન્તયે ॥

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

જિસ સાંપ કો મૈં સારી ઝિંદગી અપના ખૂન પીલાતા રહા, ઉસ સાપ ને આજ મુજ કો ડસા

- રાજા બાબુ

ડેવિડ ધવન દિગ્દર્શિત ૧૯૯૪માં આવેલી 'રાજાબાબુ' ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી. ડેવિડ ધવન અને ગોવિંદાની જોડી તે સમયે એક પછી એક ઘણી હીટ ફિલ્મો આપી રહી હતી. કરિશ્મા કપૂર, ગોવિંદા, કાદરખાન, શક્તિકપૂર, અરુણા ઈરાની જેવા ધરખમ કલાકારોથી ભરચક આ ફિલ્મ મનોરંજનનો રસથાળ હતી.

વાસ્તવમાં આ ફિલ્મ કે. ભાગ્યરાજની એક તમિલ ફિલ્મની રિમેક હતી. આ ફિલ્મના સંવાદ અનીસ બાઝમીએ લખ્યા હતા. ઉપરોક્ત સંવાદ ફિલ્મમાં કાદરખાન બોલે છે, અને તેના અતિવિશ્વાસુ ભાઈ પ્રેમચોપડાને કહે છે, જે ભાઈ પર અતિવિશ્વાસ કરી ઝિંદગી ભર તેને સાચવ્યો તે જ જયારે દગો કરે છે, ત્યારે આ સંવાદ બોલાય છે.

પયઃ પાનં ભુજંગાનાં કેવલં વિષવર્ધનમ્ ।
ઉપદેશો હિ મૂર્ખાણાં પ્રકોપાય ન શાન્તયે ॥

- હિતોપદેશ ૩/૪

સાંપને દૂધ પીવરાવાથી માત્ર તેમના વિષમાં જ વધારો થાય છે. મૂર્ખોને ઉપદેશ આપવાની તેઓ ગુસ્સે જ થાય છે, શાન્ત નથી થતા.

'હિતોપદેશ' અને પંચતંત્ર આ બંને ગ્રંથ અગાઉ ઘણીવાર કહ્યું તે પ્રમાણે ઘર ઘરમાં વસાવવા યોગ્ય ગ્રંથ છે. ખૂબ જ સરસ પશુ-પક્ષી પ્રાણીઓના ઉદાહરણ દ્વારા ગહન અને સારયુક્ત વાતો સમજાવવામાં આવી છે.

રાજા બાબુના લેખક અનીસ બાઝમી હોય કે હિતોપદેશના લેખક નારાયણ પંડિત હોય - તેમનું કહેવું અને સલાહ હજી આજદિન સુધી એક જ છે કે દુશ્મનને પોષવાથી આપણું કોઈ દિવસ ભલું થયું નથી કે થવાનું નથી.

- jayuoza@gmail.com
- Mo.9898046488

ભા. દ. સા અકાદમી દ્વારા ઓનલાઈન 'સોનેટ કાવ્ય' કવિ સંમેલન યોજાયું

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

'વૃત્ત સંચય'

● કોરોના મહામારીના કહેરમાં પણ, સાહિત્યની સરવાણી વહેતી રહે તે માટે, ભારતીય દલિત સાહિત્ય અકાદમી દ્વારા 'સોનેટ કાવ્ય' ને કેન્દ્રમાં રાખીને, તાજેતરમાં એક રાષ્ટ્રીય કક્ષાનુ ઓનલાઈન કવિ સંમેલન યોજાઈ ગયું ; જેમાં ઉદ્ઘાટક તરીકે, જોધલ પીર કેશરડીના વંશજ,શ્રી લાલદાસ બાપુએ આશીર્વચન આપીને,આ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. માનસી દવેએ તેમના સુરીલા કંઠે પ્રાર્થના રજૂ કરી હતી,જયારે પ્રો.મંજુલાબેન પરમારે આવકાર આપી, શુભકામનાઓ પાઠવી હતી ભાનુબેન કોસર(છત્તીસગઢ), રામનારાયણ સાહુ (રાયપુર), વર્ષાબેન પ્રજાપતિ (અમદાવાદ) ડો. રાજેશ વણકર (પંચમહાલ), મહેન્દ્ર મકવાણા (અમદાવાદ) વિગેરે વક્તાઓએ 'સૉનેટ કાવ્ય' પ્રકાર વિશે વક્તવ્યો આપ્યાં હતાં.આ ઓનલાઈન કવિ સંમેલનમાં ગુજરાત ઉપરાંત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર,કર્ણાટક, રાજસ્થાન,ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢ વગેરે રાજ્યોના દૂર દૂરના ૫૧(એકાવન) જેટલા કવિઓ સહભાગી થયા હતા અને પોતાની ધ્વનિમુદ્રિત સોનેટ રચનાઓ રજૂ કરીને, દૂર દૂરથી પરંતુ સાનિધ્યનો એક અનોખો માહોલ ઊભો કર્યો હતો.

ભા.દ.સા.અકાદમીના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ જયવંત સિંહ જાડેજાએ ઉત્તમ આયોજન કરીને, અધ્યક્ષીય પ્રવચન કર્યું હતું.આ કાર્યક્રમનું ભલીપેર સુંદર સંચાલન, સંયોજક અને બનાસકાંઠાના કવિ આઈ. સી.ડાભીએ કર્યું હતું.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

દૂભ્યા દબાયેલાઓના પ્રતિનિધિ : બૂકર ટી વોશિંગ્ટન

જ્ઞાનના ચણીબોર
વી. એસ. ગઢવી

" કોઈપણ માણસ પછી તે કાળો હોય કે ગોરો, તેને સમાજમાં તેની આવડતના પ્રમાણસર માન જરૂર મળે છે. આખરે દુનિયા શ્રેષ્ઠતા સ્વીકારે છે. રંગ, જાતિ કે ધર્મના ભેદ બાજુએ મૂકે છે. લ્લલ્ર

જેણે જીવનના પ્રારંભિક વર્ષોમાં ગુલામીનું પશુથીયે બદતર જીવન વિતાવ્યું હતું તેવા બૂકર ટી. વોશિંગ્ટનના આ વિધાનમાં યુગોનું અજવાળું પથરાયેલું છે. કવિ ઉમાશંકર જોશીના કર્ણ-કૃષ્ણ સંવાદ કાવ્યમાં કર્ણ એક વાત ગૌરવભેર ઉચ્ચારે છે :

'કે હીનજન્મે નવ હીન માનવ
કે હીન કર્મે કરી હીન માનવલ્લ

બૂકર ટી. વોશિંગ્ટનના સંઘર્ષયુક્ત છતાં કડવાશરહીત જીવનમાંથી અનેક લોકોને પ્રેરણા મળે તેવું છે. લાકડાની કેબીનમાં શેઠની એક 'કોમોડીટીલ્લ તરીકે વ્યક્તિત્વહીન જીવનથી શરૂઆત કરનાર બૂકર હબસી – નીગ્રોની જાગૃતિ માટે ભગીરથ કાર્ય કરે અને વિશ્વ તેને સન્માનતુ થાય તે પુરુષાર્થના એક સ્થાયી ઉદાહરણ સમાન છે. જીવનના પ્રારંભિક વર્ષોમાં અન્યાયી પ્રથાઓનો ભોગ બનનાર વ્યક્તિ વિધેયાત્મકતાની ચરમ સીમા સુધી પહોંચી શકે તે એક યશોગાથા સમાન કથા છે. ઝેરને પચાવીને અમૃતનું દાન કરી જનારઆ મહામાનવ હતા. કાળીદાસ માટે કવિગુરુ ટાગોરે લખેલી સુંદર પંક્તિ અહીં સંદર્ભયુક્ત લાગે છે :

'જીવનમંથન વિષ કરી પાન,
અમૃત જે ઉપન્યુ કરી ગયા છો દાન'

અમેરિકામાં અનેક હસબીઓ લગભગ બે સદી સુધી ગોરા અમેરિકનોના ગુલામ તરીકે રહ્યા. કાળા લોકોનું શોષણ એ ગોરાઓના જીવનનો અવિભાજ્ય હિસ્સો હતો. જીવનની ઘરેડ એ રીતેજ ગોઠવાયેલી હતી. ઈતિહાસ પ્રસિધ્ધ અમેરિકન સીવીલ વોરના અંતે દૂભાયેલાઓનો અવાજ બનેલા પ્રમુખ લિંકને પહેલી જાન્યુઆરી ૧૮૬૩ના રોજ ગૌરવભેર મુક્તિ ઘોષણા કરી. (PROCLAMATION OF EMANCIPITATION) ગોરાઓની ૨૦૦ વર્ષની નિષ્ઠુર ગુલામીમાંથી એક બહોળા સમુદાયના જીવનમાં નૂતન સૂર્યોદયનો પ્રકાશ લઈને અબ્રાહમ લિંકન એક મુક્તિદાતા તરીકે આવ્યા. કાળો માણસ નિર્ધન નિરક્ષર તેમજ પૂર્ણતઃ કંગાળ હતો. હડધૂત થવા જાણે કે સદીઓથી ટેવાયેલો હતો. ગુલામી એના લોહીમાં વણાઈ ગયેલી હતી. આપણાં દેશમાં પણ સમાજના એક વિશાળ વર્ગને આપણે હીણા ચીતર્યા હતા. તેની સામે ગાંધી – આંબેડકર તેમજ ઠક્કરબાપા જેવા નેતાઓએ અવાજ ઉઠાવ્યો હતો.

બૂકર ટી. વોશિંગ્ટન આ પૂર્વભૂમિકા તેમજ સામાજિક માહોલમાં એક હબસી માતાના ઉદરમાંથી જન્મેલા હતા. જન્મતાજ તેઓ ગુલામ હતા. કારણ કે એ પ્રથા પ્રસરેલી અને મજબૂત હતી. તેમનો જન્મ અમેરિકાના વર્જિનીયા રાજ્યના ફ્રેંકલીન નામના નાના ગામમાં ૧૮૫૮ કે ૧૮૫૯માં થયેલો હતો. 'લાકડાની કેબીન' માં અને ગુલામીની ભીષણતામાં તેઓએ બાળપણ વિતાવ્યું હતું. સાવ નાની ઉમરથી ખેતરમાં ગોરા શેઠની મજૂરી કરતા મજૂરોને પાણી પાવાનું તથા ઘંટી પર મકાઈનો લોટ દળાવવા જવાનું કામ તેઓ કરતા હતા. જીવનની આજ વાસ્તવિકતા હતી. ક્યારેક શેઠની નાની દીકરીનું દફતર ઊંચકી તેને શાળાના દરવાજા સુધી મદદ કરવા જતા હતા. દરેક વખતે તેમના મનમાં આ સમયે એક વિચાર ઝબકી જતો હતો. " આ છોકરીની જેમ મને પણ ભણવાનું મળે તો કેવું સારું ?'' પરંતુ આચાર્ય દ્રોણની વિદ્યાલયમાં એકલવ્યને ક્યાંથી સ્થાન મળે? બૂકર ટી. વોશિંગ્ટનનું ભાતીગળ જીવન તથા તેમના ઉજળા પ્રદાનની વાતો તેમણે પોતાના આત્મકથનમાં લખ્યા. અશોક ગોપાળરાવ વિધ્વાંસના સરળ તથા સબળ અનુવાદથી આત્મકથનની આ પુસ્તિકા આપણી માતૃભાષામાં અવતાર પામી. વિચારવલોણું પરિવારે તેનું પ્રકાશન કરી આપણા પર ઋણ ચઢાવેલું છે.

જ્યારે દુનિયાના કહેવાતા ડાહ્યા અને શિક્ષિત લોકો હબસીઓના યાતનાપૂર્ણ જીવન તરફ દુર્લક્ષ સેવતાહતા ત્યારે અબ્રાહમ લિંકને પરિવર્તનની જ્યોત નિશ્ચય અને દ્રઢતા સાથે ઉઠાવી. ૧૯૪૨નો ગાંધીનો "હિન્દ છોડોલ્લલ્ર નો મહામંત્ર એ લિંકનનીજ આ યશોગાથાના એક મણકા સમાન હતો. જ્યારે સમાજ જાગૃત થાય ત્યારે તેને સ્થળ, કાળ અને સ્થિતિના બંધનો રોકી શકતા નથી. મુક્તિનું એક સ્વપ્ન લિંકને ગુલામોના માનસમાં રોપી દીધું હતું. સીવીલ વોરમાં આજ વૃક્ષ પાંગરીને મહોરી ઊઠ્યું હતું. આ વાતની પ્રતિતિ બાળક બૂકરને આશ્ચર્ય સાથે થઈ. એકવાર પરાધિન માતાને તેણે પ્રાર્થના કરતી સાંભળી. તે રુંધાયેલા કંઠે ગણગણતી હતી : " હે પ્રભુ ! લિંકનને અને તેના સૈન્યને વિજય અપાવજે જેથી હું અને મારા બાળકો મુક્ત થઈએ. " બાળક બૂકરનેએ વાતનું વિસ્મય થાય છે કે જે પુસ્તકો અથવા વર્તમાનપત્રોથી સદંતર અજાણ હતા તેવા આ અભણ તથા મુંગા લોકોને આ જીવસટોસટની લડાઈ અંગેની માહિતી ક્યાંથી મળતી હતી ? ભુખ્યાજનોના જાગૃત જઠારાગ્નિ સામે ગોરીસત્તાની લડવાની તાકાત અંતે તો પાંગળી પુરવાર થઈ. પરંતુ મુક્તિની આ દેવી તીલક કરવા આવે છે ત્યારે આ બંધિત લોકોના મનમાં એક દ્વિધા થાય છે : અચાનક મુક્તિ અને સ્વતંત્રતા તો મળી પણ હવે શું કરવું ? ક્યાં જવું ? ક્યાં રહેવું ? રોજગારી બંધ થાય પછી બાળકોને શું ખવડાવવું ? આ મુક્તિ તેમના માટે પડકાર તથા તક બન્ને લઈને આવી હતી.

બૂકરના જીવનનું એક મહત્વનું પાસુ એ છે કે માનવીમાં રહેલી સારપમાં તેમનો અખૂટ વિશ્વાસ છે. ગરીબી અને ગુલામીની હીન દશામાંથી મુક્તિના નૂતન પરોઢિયામાં પગલાં માંડનાર માનવીઓનું સખત પરિશ્રમ તેમજ ગાંધીજીએ પ્રબોધેલી હતી તેવી બુનિયાદી તાલીમ સાથેની કેળવણીના માધ્યમથી પરિવર્તન એ તેમની ઊંડી શ્રધ્ધા છે. એ દિશાના સતત તથા સાતત્યપૂર્ણ પ્રયાસોમાં તેમનું જીવન તેઓ જોડે છે. ગોરાઓ તરફ કોઈ કડવાશ નહિ પરંતુ આત્મવિશ્વાસના આયુધ સાથે તેઓ પોતાના ભાઈઓને ગરીબી સામેનો જંગ માંડતા શીખવે છે. સદીઓથી ચાલ્યા આવતા રંગભેદની નાબૂદી તથા સર્વ માટે સમાન તક તરફ દ્રષ્ટિ રાખવાનું તેઓ શીખવે છે.

રૂસોના ક્રાંતિકારી અને ગાંધીના સૌમ્ય વિચારમાં 'બાળક'

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધીએ કેવળણીના જે વિચાર રજૂ કર્યાં તેમાં સૌપ્રથમ બાળક કેન્દ્ર સ્થાને છે. બાળકની કેળવણી સાથે સામાજિક ઘડતરની પ્રક્રિયા ગાંધીએ સમજી હતી. ગાંધીએ તેમના કેળવણી વિષયક વિચારો રજૂ કર્યા એનો બે સદી પહેલા રૂસોએ આવા વિચારો રજૂ કર્યા હતા. બેકન, મોન્ટેઈન, જોક બોકથી લઈને રૂસો ગાંધી વગેરે અનેક કેળવણીકારોએ મધ્યયુગની પોથા પંડિતાઈ અને કુદરત તથા વાસ્તવિક જગતથી જોજન દૂર એવી શિક્ષા પદ્ધતિ સામે બંક પોકાર્યું હતું. શિક્ષણમાં વિજ્ઞાન અને કુદરતની ભાવનાના લોપ સામે વિરોધ વખતોવખત થતો જ રહ્ય છે. જેમાં આધુનિક શિક્ષણ વિજ્ઞાનના આદિ પ્રવર્તક રૂસો તેમના પુસ્તક 'એમિલે' માં કેળવણીની નવી પદ્ધતિના મૂળભૂથ વિચારો નિરુપે છે. યુરોપ અને અમેરિકા આજે પણ રૂસોના વિચારોના પગલે ચાલી રહ્યું છે. સામાજિક બદલાવની સ્થિતિએ આ દેશો શિક્ષણ પદ્ધતિમાં નોંધપાત્ર સુધારા ઉમેરે ખરાં પરંતુ શિક્ષણ વ્યવસ્થાનું મૂળભૂત માળખું રૂસોના વિચાર અનુસાર જ રહે છે. આપણે જયારે કેળવણીના સંદર્ભે ગાંધીની વિચાર પીઠિકા ચકાસવી હોય તો રૂસોના વિચારોને સમજવા જોઈએ.

પચાસ વર્ષની ઉંમરે ૧૭૬૨માં રૂસોએ તેમના પુસ્તક 'એમિલે' માં કેળવણીના વિચારો રજૂ કર્યા હતા. જેમાં તેમણે કેળવણી ધર્મ અને નીતિ વિષેના વિચારો રજૂ કર્યા હતા. એ પછી તેમને 'સામાજિક કરાર' પુસ્તક આપ્યું હતું. આ પુસ્તકમાં તેમને જે વિચારો રજૂ કર્યા હતા. એની અસર એટલી વ્યાપક હતી કે ફ્રેંચ રાજયક્રાંતિ જગાવવામાં રુસોનો બહુ મોટો ફાળો નાનોસૂનો ન કહેવાય. આવા ક્રાંતિકારી કેળવણીકાર રૂસો વિષે ચિંતક, વોલ્તેર, સરસ મજાની વાત કરી છે. વોલ્તેર લખે છે : 'બીજાઓએ સ્ત્રીઓ અને પુરુષોના હક્કોની તરફેણ કરી છે ત્યારે 'એમિલે'માં રૂસોએ બાળકના હક્કની હિમાયત કરી છે.

દુનિયામાં બાળકના હક્કની વાત રૂસોએ કરી છે

રૂસોની આ બાબત એ સમયના સંદર્ભ અને વર્તમાન સમયે પણ બહુ જ મહત્ત્વની એટલા માટે છે કે અઠારમી સદીનો એ યુગ બુદ્ધિ પ્રાધાન્યનો યુગ હતો. કંઈ પણ સારું, સાચું અને સુંદર એ બધું જ બુદ્ધિના માપથી ગણતરીમાં લેવાતું હતું. જયારે રૂસોએ તમામ બાબત તર્ક અને બુદ્ધિના ગજથી માપવાને બદલે પ્રાકૃતિક વાદનો મણકો સાંભળવાની પહેલ કરી. એના પુસ્તકમાં આ બાબતનો પડઘો એ પ્રથમ વાક્યમાં જ આ રીતે પાઢે છે : 'કુદરતના સર્જનહારમાંથી આવતી દરેક વસ્તુ નિર્મળ હોય છે, પરંતુ માણસના હાથમાં આવીને દરેક વસ્તુ ભ્રષ્ટ થાય છે :'

- રૂસોની આ સ્પષ્ટતા સામે તમે ગાંધીના વિચાર જુઓ તો વૈચારિક સમાનતા જડી આવે. હા, ગાંધી સંવાદના માણસ હતા એટલે એમના પ્રત્યાયનમાં - ભાષણ કે લખાણમાં આત્યંતિક શબ્દોનો ઉપયોગ ઓછો કરે છે, એ નકારાત્મક શબ્દોને ટાળે એટલે 'ભ્રષ્ટ' એવો શબ્દ ગાંધીના બોલે કે ના લખે. પરંતુ કુદરતની વસ્તુને નિર્મળ રાખવાની અને કેળવણી આપવાની વાત તેઓ રૂસોની જેમ જ કરે છે.

આ મુખ્ય મુદ્દા ઉપરથી રૂસો કેળવણીને લગતાં કેટલાંય વ્યાપક તારણો તારવી કાઢે છે. જેમ કે, કુદરતી માણસ ભણતું પ્રાણી બને, ત્યાર પહેલાં તે કાર્ય કરતું પ્રાણી હોય છે, તેથી કુદરતના કાયદાને અનુસરતી પ્રારંભિક કેળવણી હમેશાં ચોપડીઓ અને વસ્તુશૂન્ય શિક્ષણ વિનાની હોવી જોઈએ. કુદરતને ખોળે જ બાળકની બધી ઈંદ્રિયોને ખીલવા દેવી જોઈએ; તથા તેના શરીરને કસાયેલું અને મજબૂત બનવા દેવું જોઈએ.

તે કહેતો કે, કેળવણી જન્મથી જ શરૂ થવી જોઈએ. મુખ્યત્વે વિદ્યાર્થીને 'માણસ' બનતાં જ શીખવવું જોઈએ. 'શી રીતે જીવવું એ ધંધામાં હું તેને પ્રવીણ બનાવવા ઈચ્છું.' 'મારો વિદ્યાર્થી ન્યાયાધીશ, સૈનિક કે પાદરી થાય એમ હું નહીં ઈચ્છું. પણ તે માણસ થાય એમ હું ઈચ્છીશ.' 'મારો વિદ્યાર્થી કવિ થાય તેના કરતાં મોચી થાય તે સારું. : ચિલાઈ માટીનાં ફૂલ બનાવે તેના કરતાં તે રસ્તાઓ ઉપર પથરા જડનારો બને તે સારું.''કામ કરવું એ તો એવી ફરજ છે કે જેને કોઈ સામાજિક માણસ પોતાને ખભેથી ઉતારી નાખી ન શકે.'

રૂસોને સૌથી પ્રથમ એક સદ્ગુણી અને ઉપયોગી નાગરિક જોઈએ છે, અર્થાત્ જે કેમ વર્તવું તે જાણતો હોય, અને ત્યારબાદ તે ખેડૂતની પેઠે કામ કરનારો અને ફિલસૂફની પેઠે વિચાર કરનારો હોય.

રૂસો કહે છે, 'કુદરત કદી નિષ્ફળ નીવડતી નથી, આપણે બાળપણમાં બાળકને એવી રીતે સંરક્ષણ આપીએ કે જેથી કુદરતની પ્રક્રિયામાં ખલેલ ન પડે, કે તે બીજે માર્ગે ન વળી જાય. તો તે હંમેશા બધાં બાળકોના સદ્ગુણ અને જ્ઞાન વિકસાવે જ.'

રૂસોના વિચારમાં બાળકનો હક્ક રજૂ થયો હતો. એમ ગાંધીજીનો કેળવણી વિચાર પણ બાળકની કેળવણી અને કુદરત દત્ત સર્જનોના વિનિયોગ સાથે જ સંકળાયેલો છે. શારીરિક અને માનસિક વિકાસ કુદરતના ખોળે જ વિકસે એવી રૂસોની સ્પષ્ટતા ગાંધીના વિચારમાં પણ સ્પષ્ટ જોવા મળે છે. ગાંધીજીની યોજના તો એક સળંગ પ્રક્રિયા છે. જેમાં બાળકની કેળવણીથી શરુઆત થઈને એ યોગ્ય નાગરિક ઘડતર પામે એવી કેળવાયેલી શિક્ષણ વ્યવસ્થાની વાત સ્પષ્ટ સમજાવે છે પેસ્ટેલોજી કે રૂસો જે પુસ્તકિયા શિક્ષણની માત્ર માહિતી આપવાની વૃત્તિનો વિરોધ કરે છે તેમ ગાંધીજી પણ વધુ પડતું બોલ્યા વગર તેની સામે અસંતોષ વ્યક્ત કરીને કુદરતના ખોળે બાળકની સર્જકતા ખીલવવાના કાર્યમાં ઉદ્યોગકાર્યની મહત્તા સમજાવે છે.